વાઈબ્રન્ટ સમિટ પહેલા શહેરને ઢોરમુક્ત બનાવાશે

જાન્યુઆરી પહેલા રખડતા ઢોરો પકડવા પોલીસે મનપાને પત્ર લખ્યો : તાત્કાલિક ઢોર પકડવાની કામગીરી આરંભાશે

(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગરમાં રખડતા ઢોરોનો ત્રાસ શિરદર્દ સમાન બની ગયો છે. ત્યારે આગામી જાન્યુઆરી માસમાં વાઈબ્રન્ટ સમિટમાં હાજરી આપવા આવનાર વીવીઆઈપી મહાનુભાવોના આડે રખડતા ઢોરો ન આવી જાય તેની ખાસ કાળજી રાખવામાં આવશે. વાઈબ્રન્ટ સમિટ પહેલા શહેરને રખડતા ઢોર મુક્ત કરવા પોલીસ દ્વારા મહાનગરપાલીકાને પત્ર લખવામાં આવ્યો છે. વીવીઆઈપી મહાનુભાવોની સલામતીનો જ એક ભાગ હોવાથી પોલીસે આ મુદે દરમ્યાનગીરી કરી હોવાનું જાણવા મળ્યું છે.

ગાંધીનગરમાં રખડતા ઢોર આડે આવતા અકસ્માતોના સંખ્યાબંધ બનાવો બન્યાના દાખલા છે. રસ્તા વચાળે આવી જતા રખડતા ઢોરને કારણે અકસ્માતનો ભોગ બનવામાં ગાંધીનગરના ધારાસભ્ય પણ બાકાત રહ્યા નથી. આ પરિસ્થિતિને પગલે વાઈબ્રન્ટ સમિટ દરમ્યાન રખડતા ઢોરોના ત્રાસની છાપ કોઈ વીવીઆઈપી મહાનુભાવ મહેમાનો લઈને ન જાય તેનું ખાસ ધ્યાન રાખવામાં આવશે. ગાંધીનગર પોલીસ દ્વારા મહાનગરપાલીકાને જાન્યુઆરીમાં યોજાનાર વાયબ્રન્ટ સમિટ પહેલા ગાંધીનગરને ઢોર મુક્ત કરવા એક પત્ર લખવામાં આવ્યો છે. રખડતા ઢોરોને પકડવા ઝુંબેશ શરૂ કરવા પત્રમાં ઉલ્લેખ હોવાનું જાણવા મળ્યું છે. વાઈબ્રન્ટ પહેલા રખડતા ઢોરોને પકડી પકડીને લઈ જવાની કાર્યવાહી મહાનગરપાલીકા દ્વારા શરૂ કરવામાં આવશે.

રાંધેજાની હોસ્પિટલનાં ડ્રેસીંગ રૂમમાં આગ લાગતા નાસભાગ

એકાએક બપોરે લાગેલી આગ ત્રણ રૂમ સુધી પ્રસરી : અંદાજે ૩ લાખનું નુકશાન

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર નજીક સ્થિત રાંધેજાની એન.એન.શાહ સાર્વજનીક હોસ્પિટલમાં આજે બપોરના અરસામાં અચાનક આગ ભભુકી ઉઠતાં નાસભાગ મચી જવા પામી હતી. આગ ધીરે ધીરે ત્રણ રૂમ સુધી પ્રસરી હતી. જો કે ફાયર બ્રિગેડની ટીમ સમયસર પહોંચી જતા આગને વધુ પ્રસરતા અટકાવી કાબુમાં લઈ લીધી હતી. આ આગ દુર્ઘટનામાં સદ્‌ભાગ્યે કોઈ દાઝ્યાનો બનાવ કે કોઈ જાનહાનિ થવા પામી ન હતી.

બપોરના સુમારે રાંધેજાની એન.એન.શાહ સાર્વજનિક હોસ્પિટલના ડ્રેસીંગ રૂમમાં આગ ભભુકી ઉઠી હતી. જે અંગે ગાંધીનગર ફાયરબ્રિગેડને કોલ મળતા ફાયર ઓફિસર મહેશ મોડ તથા તેમની ટીમ ઘટના સ્થળે તાબડતોબ પહોંચી ગઈ હતી અને ત્રણ રૂમ સુધી પ્રસરેલી આગને પાણીનો મારો ચલાવી કાબુમાં લઈ લેવામાં આવી હતી. શોર્ટ સર્કિટથી આગ લાગી હોવાનું પ્રાથમિક તબક્કે જાણવા મળ્યું છે. આ આગ અકસ્માતમાં ઓક્સીજન મશીન, ફર્નિચર, એ.સી. તથા ઈલેક્ટ્રીકલ સામાન મળીને અંદાજે ૩ લાખનું નુકશાન થયું હોવાનું જાણવા મળ્યું છે. આ ઘટનામાં કોઈ જાનહાનિ કે કોઈને ઈજા કે દાઝ્યાનો બનાવ બનવા પામ્યો નથી.

ગાંધીનગર આસપાસની મોબાઈલ શૉપ પર એસઓજીનો સપાટો

સીમકાર્ડ વેચીને રજીસ્ટર ન નિભાવતા અને કેમેરા ન લગાડતા ૯ દુકાનદારો સામે ગુનો દાખલ

ગાંધીનગર, તા. ૭

કોઈપણ નાના માં નાના ગુનાથી માંડીને મોટા આતંકી હુમલા જેવા ગુનાઓમાં હવે મોબાઈલ નંબર પોલીસ માટે મહત્વની કડી પુરવાર થાય છે. આવા સંજોગોમાં ગુનેગારો પણ પોતે પકડાય નહી તે માટે ડમી સિમકાર્ડ વાપરવા લાગ્યા છે. ડમી સિમકાર્ડનું વેચાણ બંધ કરાવવા તથા દરેક સિમકાર્ડ વેચાણનું રજીસ્ટરમાં નોંધ કરવી ફરજીયાત કરતુ જાહેરનામુ જિલ્લા કલેક્ટરે પ્રસિદ્ધ કર્યુ છે. જેની ગંભીરતા મુજબ ગાંધીનગર એસઓજી સિમકાર્ડનું રજીસ્ટર મેઈન્ટેઈન ન કરનાર મોબાઈલ શૉપના માલીકો સામે સઘન કાર્યવાહી શરૂ કરી છે.

ગાંધીનગર એસઓજી પી.આઈ. જે.ડી. બ્રહ્મભટ્ટની સુચનાથી તેમની ટીમે ગાંધીનગર શહેર તથા આસપાસના વિસ્તારોમાં સ્થિત મોબાઈલ શૉપ પર સપાટો બોલાવ્યો છે. ઉવારસદમાં જવાલા મોબાઈલ શૉપ, અડાલજ બાલાપીર બસ સ્ટેન્ડ પાસે મારૂતી મોબાઈલ શોપ, રાંદેસણમાં વિર મોબાઈલ શૉપ, સ્વાગત રેઈન ફોરેસ્ટ-૩માં સેવન સીસ મોબાઈલ શૉપ, સેક્ટર-૬ શાકમાર્કેટ પાસે સ્થિત મોબાઈલ શૉપ, સે. ૨૪ શિવમ એપાર્ટમેન્ટ પાસે મહાકાળી મોબાઈલ શોપમાં સિમકાર્ડ રજીસ્ટર મેઈન્ટેઈન ન કરવા બદલ તથા સે. ૨૧ કેપીટલ મોબાઈલ શૉપ, મેનીયાક સ્ટોર્સ અને ઉવારસદ નાની ખડકીની મહાકાળી મોબાઈલ શૉપમાં સીસીટીવી કેમેરા ન લગાડવા બદલ દરોડા પાડીને નવ મોબાઈલ શૉપના માલીકો સામે જાહેરનામા ભંગના ગુના દાખલ કરીને કડક કાર્યવાહી કરવામાં આવી છે.

પ્રેરણા વિદ્યાલયના વિદ્યાર્થીઓને પેરાસેઈલીંગની તાલીમ

(તસવીર : કશ્યપ નિમાવત)

સુરક્ષા સેતુ અંતર્ગત બાળકો સાહસિક બને તથા પોલીસ અને બાળકો વચ્ચે સહકારનો સેતુ બંધાય તે માટે ગાંધીનગર જિલ્લાની પોલીસ અધિક્ષક કચેરી દ્વારા સે-૧૧ના રામકથા મેદાનમાં બાળકોને પેરા સેઈલીંગની તાલીમ આપવામાં આવી હતી. પ્રેરણા વિદ્યાલયના વિદ્યાર્થીએ બે દિવસ પેરોસઈલીંગ કર્યું હતું અને અનેરો રોમાંચ અનુભવ્યો હતો. વિદ્યાર્થીઓએ હવામાં હવાની અનુભૂતિને સ્વપ્ન સમાન ગણાવી હતી. પ્રેરણા વિદ્યાલયના ટ્રસ્ટી શ્રી નરેશભાઈ શાહ તથા શ્રી પ્રદિપસિંહ બિહોલા અને શાળાના આચાર્ય શ્રી મનિષભાઈ ખત્રીએ આ પ્રોજેકટને બિરદાવ્યો હતો. તેમજ સરકાર દ્વારા અવારનવાર આવું આયોજન થાય તેવી આશા વ્યકત કરી હતી.

ઈલ્યુસ્ટ્રેશન આર્ટ આધારિત જીતેન્દ્ર પટેલનું ચિત્રકલા પ્રદર્શન યોજાયું

ગાંધીનગર, તા.૭

વિવિધ ચિત્રકળાઓમાંઆજ કાલ ઈલ્યુસ્ટ્રેશન વર્કનો મહિમા દિન પ્રતદિન વધતો જાય છે. તાજેતરમાં જ અમદાવાદના એલિસબ્રિજ વિસ્તારમાં આવેલ રવિશંકર રાવળ કલાભવન ખાતે જાણીતા પ્રોફેશનલ આર્ટિસ્ટ જીતેન્દ્ર પટેલના ઈલ્યુસ્ટ્રેશન ચિત્રકળા આધારિત ચિત્રોનું પ્રદર્શન યોજાયું હતું.જેમાં અનેક કલા પ્રેમી રસિકોએ તેને માણ્યું હતું.

ગુજરાત રાજય લલિત કલા અકાદમીના સહયોગથી યોજાયેલ આ ચિત્ર પ્રદર્શનમાંજીતેન્દ્ર પટેલ દ્વારા તૈયાર કરાયેલ અનેક બેનમૂન ચિત્રો પ્રદર્શિત કરાયા હતા. ઈલ્યુસ્ટ્રેટીવ આર્ટ ક્ષેત્રે જીતેન્દ્ર પટેલ અનેક વર્ષોથી કાર્યરત છે અને તેમના અઢળક પ્રદર્શન યોજાઈ ચુકયા છે. લગભગ વર્ષ ૨૦૦૮થી તેમના ચિત્ર પ્રદર્શનો અમદાવાદની વિવિધ આર્ટ ગેલેરીઓમાં યોજાઈ ચુકયા છે. આ પ્રદર્શન દરમિયાન જીતેન્દ્ર પટેલે અનેક મુલાકાતીઓના ઈલ્યુસ્ટ્રેટીવ પોટ્રેટ રૂબરૂમાં ગણતરીની મિનિટોમાં બનાવી આપ્યાં છે. આ સિવાય તેમણે ગાંધીજીથી અમિતાભ બચ્ચન સુધીના અનેક મહાન વ્યકિતઓના પણ પોટ્રેટ બનાવ્યા છે અને પ્રશંસા મેળવી છે.

જીતેન્દ્ર પટેલ ક્રિએટીવ અને મોર્ડન આર્ટ ક્ષેત્રે પણ નામના ધરાવે છે. તેઓ હેરિટેજ સ્થાપત્યો અંગેના ચિત્રો દોરી ચુકયા છે તેમજ ગણેશજીને એબીસીડીમાં ઢાળીને દોરેલા ચિત્રો અંગે પણ અઢળક પ્રસંશા મેળવેલ છે. કલા રસિકો તેમના પ્રદર્શનોને માણવા હંમેશા આતુર જોવાયાં છે.

મહાદેવ દેસાઈ શારીરિક શિક્ષણ મહાવિદ્યાલય દ્વારા રાષ્ટ્રીય સેવા યોજનાની શિબિર યોજાઈ

ગાંધીનગર, તા.૭

મહાદેવ દેસાઈ શારીરિક શિક્ષણ મહાવિદ્યાલય દ્વારા રાષ્ટ્રીય સેવા યોજનાની શિબિર ભિલોડા તાલુકાના ખેરાડી ગામે તાજેતરમાં યોજવામાં આવી હતી. ઉદઘાટન પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે રાષ્ટ્રીય સેવા યોજનાના પ્રાદેશિક પ્રમુખશ્રી કમલ કુમારકર, અતિથિ વિશેષ તરીકે સાબર ડેરી હિંમતનગરના ડીરેકટર શ્રી જેસિંગભાઈ પટેલ, કાર્યક્રમ અધ્યક્ષ તરીકે ગુજરાત વિદ્યાપીઠના કુલસચિવશ્રી ડૉ. રાજેન્દ્રભાઈ ખીમાણી, અતિથિ તરીકે રાષ્ટ્રીય સેવા યોજનાના સંયોજકશ્રી ડૉ.અરુણભાઈ ગાંધી, ગામની સરપંચ શ્રીમતી મધુબેન પટેલ, પ્રો. જમનાદાસ સાવલિયા અને શ્રી સૂર્યકાન્તભાઈ પટેલે હાજરી આપી હતી. સ્વાગત પ્રવચન ડૉ. અરવિંદભાઈ રામીએ કર્યું હતું.

શિબિરની રૂપરેખા શિબિરના સંચાલક ડૉ.ઉદાજી પરમારે આપી હતી. સુતરની આંટીથી સ્વાગત શિબિર મંત્રી સંજય વનાણી, અમિત સુરાણી, દિનેશ કાંજીયા, અલ્પેશ ઝાપડીયા, જનક ભરાડીયા, રામ ડાગર, જીગર ચૌધરી અને દેવપાલ સારલાએ કર્યું હતું. રાષ્ટ્રીય સેવા યોજનાના સ્વયં સેવકો ગામની સૌથી મોટી સમસ્યા ગંદકી અને ગટર વ્યવસ્થાની મરામત કરી ગામને સ્વચ્છ ગામ બનાવી દીધો હતો. ગામના બધા જાહેરસ્થળોની દીવાલ પર સરસ સૂત્રોનું લેખન કાર્ય પણ કર્યું હતું. શિબિરમાં ૫૬ સ્વયં સેવકો અને ચાર અધ્યાપકો ડૉ. ઉદાજી પરમાર, ડૉ. વિજય મકવાણા, ડૉ. નિરજ સિલાવટ અને ડૉ. અરવિંદ રામીએ ભાગ લીધો હતો. ઉદઘાટન કાર્યક્રમનું સંપૂર્ણ સંચાલન રાષ્ટ્રીય સેવા યોજનાના પ્રોગ્રામ ઓફિસર ડૉ. નીરજ સિલાવટ અને આભારવિધિ ડૉ. વિજયભાઈ મકવાણા અને શિબિર મંત્રીશ્રી સંજય વનાણીએ કરી હતી.

જાન્યુઆરી-ફેબ્રુઆરી માસ દરમ્યાન ગાંધીનગરમાં લગ્નોના ઢોલ નહી ઢબૂકે

જાન્યુઆરીમાં ગ્લોબલ વાઈબ્રન્ટ સમિટ અને ફેબ્રુઆરીમાં પ્લાસ્ટ ઈન્ડિયાના પગલે નગરજનોનું સામાજિક જીવન ખોરવાયું : સેક્ટરોના રંગમંચનું પણ તંત્રને જરૂર પડશે તો રદ કરાશેની શરતે બુકીંગ કરાય છે : નગરજનોને સામાજિક પ્રસંગો કેન્સલ કરવા કે પાછા ઠેલવાની ફરજ પડી

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગરમાં આગામી બે-ત્રણ માસ દરમ્યાન ખૂબ જ મોટી ઈવેન્ટના આયોજનોને કારણે નાગરિકોના સામાજિક પ્રસંગો પર અસર પડી છે અને અનેક પ્રસંગોને લોકોએ પાછા ઠેલવા પડ્યા છે. અથવા મુલત્વી રાખવા પડ્યા છે. આગામી જાન્યુઆરી માસમાં ગુજરાત સરકાર દ્વારા આયોજિત ઐતિહાસિક વાઈબ્રન્ટ ગ્લોબલ સમિટ અને ફેબ્રુઆરીમાં યોજાનાર વિશ્વના સૌથી ત્રીજા મોટા એક્ઝિબીશન પ્લાસ્ટ ઈન્ડિયાને કારણે નગરજનોના સામાજિક જીવન અટવાઈ પડવા પામ્યા છે.

હાલ ગાંધીનગરમાં લગ્નસરાની મોસમ ખૂબ જ પૂરબહારમાં ખિલી છે તો સાથે સાથે વાઈબ્રન્ટ સમિટના પગલે નગરને નવો ઓપ આપવાનું કાર્ય પણ જોરશોરથી ચાલી રહ્યું છે. આ વખતની વાઈબ્રન્ટ સમિટમાં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમજ અન્ય ચાર દેશોના પ્રધાનમંત્રીઓ સહિત અનેક આંતર રાષ્ટ્રીય-રાષ્ટ્રીય નેતાઓ અને ઉદ્યોગપતિઓ તેમજ અગ્રણીઓ પધારવાના હોઈ તંત્ર દ્વારા જડબેસલાક સુરક્ષાની વ્યવસ્થા કરાઈ રહી છે. આ સુરક્ષાના પગલે ગાંધીનગર તેમજ આસપાસના વિસ્તારોની તમામ હોટલો, પાર્ટીપ્લોટો અને ગેસ્ટ હાઉસોને જાન્યુઆરી અને ફેબ્રુઆરી દરમ્યાન કોઈપણ પ્રકારના બુકીંગ લેવા પર રોક લગાવી દેવામાં આવી છે. તમામ હોટલો અને ગેસ્ટહાઉસોને વાઈબ્રન્ટ સમિટ તેમજ ફેબ્રુઆરીમાં યોજાનાર વિશાળ પ્લાસ્ટ ઈન્ડિયા એક્ઝિબીશનમાં આવનાર મહેમાનોની વ્યવસ્થા માટે તંત્ર દ્વારા જ ઉપયોગમાં લેવાશે તેથી આ પ્રકારની સુચનાઓ આપવામાં આવી છે. આટલુ જ નહિ પરંતુ આ સમયગાળા દરમ્યાન સેક્ટરોના રંગમંચોને પણ જો વાઈબ્રન્ટમાં જરૂર પડશે તો બુકિંગ રદ કરાશે તેવી શરતોએ નાગરિકોના પ્રસંગો માટે આપવામાં આવી રહ્યાછે જેથી છેલ્લી ઘડીએ અટવાઈ ન પડાય તે માટે નગરજનો તેમના સામાજીક પ્રસંગોને યા તો પાછા ઠેલી રહ્યા છે યા શક્ય હોય તો મુલત્વી રાખી રહ્યા છે.

ઉત્તરાયણ પછી કમુરતા ઉતરતા હંમેશા લગ્નગાળો ભરચક રહેતો હોય છે. પરંતુ આ વખતે આ બંને સરકારી આયોજનોના કારણે ગાંધીનગરમાં જાન્યુઆરી તેમજ ફેબ્રુઆરી બંને માસ દરમ્યાન લગ્નના ઢોલ નહી ઢબૂકે તેવી પરિસ્થિતિનું નિર્માણ થવા પામ્યું છે. પોતાના સામાજિક પ્રસંગો જેવા કે લગ્ન, સગાઈ, વાસ્તુ કે ચૌલક્રિયાના મુંડન વગેરે જેવા માટે નગરજનો જ્યારે સેક્ટરના રંગમંચ કે લગ્નવાડીનું બુકીંગ કરાવવા જાય છે ત્યારે તેમને ઈન્કવાયરી ઓફિસમાંથી શરતોને આધિન બુકીંગ આપવામાં આવી રહ્યું છે. આ શરતોમાં મુખ્ય શરત એ હોય છે કે જો વાઈબ્રન્ટ સમિટ કે પ્લાસ્ટ ઈન્ડીયા માટે તંત્ર દ્વારા રંગમંચ કે લગ્નવાડીની જરૂર પડશે તો તમારૂ બુકિંગ રદ કરવામાં આવશે તે હોય છે. હવે જ્યારે સામાજિક પ્રસંગે યજમાન દ્વારા પોતાના સગા સંબંધીઓને આમંત્રણો અપાઈ ગયા હોય તેમજ કેટરીંગ કે અન્ય વ્યવસ્થાનું આયોજન કરવામાં આવી ગયું હોય પછી જો પ્રસંગનું સ્થળ જ રદ થાય તો ભારે અવ્યવસ્થા સાથે મોટો આર્થિક બોજો પણ સહન કરવો પડી શકે. આ પરિસ્થિતિને ધ્યાનમાં લઈ લોકોએ પોતાના પ્રસંગો પોતાના વતનમાં કે અમદાવાદ જેવા અન્ય સ્થળે ખસેડવાની ફરજ પડી છે અને જો એ શક્ય ન હોય તેમને પ્રસંગો રદ કરવા અથવા અમુક મુદત સુધી મુલત્વી રાખવાનું પસંદ કરી રહ્યા છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૭.૧૦

સૂર્યાસ્ત : ૫.૫૩

તાપમાન

મહત્તમ : ૩૦.૦ ડિ.સે.

લઘુત્તમ : ૧૪.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૫૨ ટકા ● સાંજે ૩૮ ટકા

મનોરંજન

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

એકશન જેકસન : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :

એકશન જેકસન : ૧.૦૦, ૪.૦૦, ૯.૦૦

ભોપાલ - એ પ્રેયર ફોર રેન : ૨.૦૦, ૭.૦૦

: સ્ક્રીન-૩ :

ઉંગલી : ૧૦.૪૫, ૪.૧૫, ૧૦.૦૦

ઝીદ : ૧. ૧૫, ૭.૧૫

સીટી પલ્સ

: સ્ક્રીન-૧ :

એકશન જેકસન : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :

એકશન જેકસન : ૧.૪૫, ૪.૪૫, ૯.૩૦

ભોપાલ - એ પ્રેયર ફોર રેન : ૭.૩૦

: સ્ક્રીન-૩ :

એકસોડસ ગોડ એન્ડ કિંગ્સ (ઇંગ્લીશ) ૩ડી : ૧૧.૩૦, ૨.૧૫, ૭.૧૫, ૧૦.૦૦

ધ હંગર ગેમ : ૫.૦૦

: સ્ક્રીન-૪ :

એકશન જેકસન : ૧૦.૦૦

ઝીદ : ૧.૦૦

ભોપાલ - એ પ્રેયર ફોર રેન : ૪.૦૦

ઉંગલી : ૧૦.૦૦

: સ્ક્રીન-૫ :

એકશન જેકસન : ૨.૩૦, ૫.૩૦, ૮.૩૦

ભોપાલ - એ પ્રેયર ફોર રેન : ૧૨.૦૦

: સ્ક્રીન-૬ :

એકશન જેકસન : ૪.૪૫

ભોપાલ - એ પ્રેયર ફોર રેન : ૭.૩૦

ઉંગલી : ૧૦.૦૦

આપની આજ

મેષ : મહત્વપૂર્ણ કાર્ય પર ખર્ચ થશે. લાભ મળવાના પ્રબળ યોગ બની રહ્યા છે. કુટુંબમાં માંગલિક કાર્યોનું આયોજન થઈ શકશે. શત્રુ, વિવાદ વગેરેમાં ખર્ચ થઈ શકે છે.

વૃષભ : અથાગ પ્રયત્નોનો ઓછા લાભ મળી શકે છે. નકામો તનાવ, મુશ્કેલીઓ રહેવાની સંભાવના છે. નવા કાર્યો, વિચાર, યોજનાઓ થઈ શકે છે. આર્થિક વિવાદોથી નુકસાન થવાની સંભાવના રહેલી છે.

મિથુન : ઋણથી મુક્ત થઈ શકશો. મિત્રો અને કુટુંબિજનનો સહયોગ કાર્યમાં મળી રહેશે. આર્થિક લાભની તક મળી શકશે. તમારા કાર્યોની પ્રશંસા થશે. વાહન ચલાવચી વખતે સાચવેત રહેવું. નોકરીમાં જવાબદારીને અનુરૂપ કાર્ય કરવું.

કર્ક : તમારી મિલનસારીતા અને ધૈર્ય તમને સમાજ અને પરિવારમાં આદરમાન અપાવશે. સામાજિક માન-સન્માનમાં વધારો થઈ શકશે. વ્યવસાયિક લાભ અને સુખ-સમૃદ્ધિમાં વધારો થવાની સંભાવના છે.

સિંહ : ભૂમિ- સંપત્તિના વ્યવસાય સાથે સંકળાયેલ વ્યક્તિઓને લાભ થવાની સંભાવનાઓ છે. કૌટુંબિક જીવનમાં સુખ-સમૃદ્ધિ રહેશે. વ્યાપારમાં વિસ્તાર હેતુ પ્રયત્ન વધુ કરવો પડશે. કાયદાની બાબતોમાં વિવાદોનો ઉકેલ થશે.

કન્યા : આજે આપને પ્રગતિવર્ધક સમાચાર પ્રાપ્ત થઈ શકે છે. સંતાનની ઉન્નતિ પ્રસન્નતા આપશે. પૂર્વમાં કરવામાં આવેલ કાર્યોનું ફળ પ્રાપ્ત થઈ શકશે. સંબંધોમાં સુધારો થશે.

તુલા : અધૂરા કાર્ય પૂર્ણ થવાથી ઉત્સાહ અને પ્રસન્નતામાં વધારો થશે. મિત્રોના સહયોગથી અનુકૂળતા વધશે. અને દિવસ પ્રસન્નતાથી પસાર થઈ શકશે.

વૃશ્ચિક : નવા સંબંધો સ્થપાશે. સત્સંગમાં ભાગ લેવાનું થઈ શકે છે. માનસિક શાંતિ જાળવી રાખવી. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે. વ્યાપાર- વ્યવસાય મધ્યમ રહેશે.

ધન : યાત્રા- પ્રવાસનું આયોજન થઈ શકશે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. સગા- સંબંધીઓથી મુલાકાત થઈ શકે છે. દામ્પત્ય સુખમાં કમી આવી શકે છે.

મકર : મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થઈ શકશે. કુટુંબમાં સારું વાતાવરણ આપના મનને પ્રસન્નતા અને પ્રગતિમાં સહાયક બની રહેશે. વિરોધીઓ પરેશાન કરી શકે છે. સાવચેતી રાખવી.

કુંભ : વિશેષ ઉન્નતિકારક યોગને કારણે મન પ્રસન્ન રહેશે. જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થઈ શકશે. ગુસ્સા પર કાબુ રાખવો.

મીન : સામાજિક અને રાજકીય ક્ષેત્રોથી લાભ પ્રાપ્ત થઈ શકશે. ગૂઢ કાર્યોમાં સફળતા પ્રાપ્તનો યોગ બની રહ્યો છે. સામાજિક ક્ષેત્રોમાં ધાર્મિક કાર્યોનું આયોજન થઈ શકે છે.

ચિરવિદાય

● સ્વ. રમણભાઈ ધૂળાભાઈ પ્રજાપતિ (ઉ.વ.૬૬) પ્લોટ નં. ૯૦૨/૧, સેક્ટર-૧ ઉબી, ગાંધીનગર